આતુર અને પ્રિન્સિપાલ ડ્રૉઇંગરૂમમાં જઈને બેઠા. બીજી જ ક્ષણે ભૂમિકા એ બંને માટે પાણી લઈને આવી.

આતુરે એના હાથમાંથી ગ્લાસ લઈને મોઢે માંડ્યો. પાણીના ઘૂંટડે ઘૂંટડે ભૂમિકા એના હૈયામાં ઊતરતી ગઈ.

ભૂમિકાને ત્યાં બેસવાની ઇચ્છા હતી છતાં એ ખાલી ગ્લાસ લઈને પાછી ફરી ગઈ. ફરી એ પાછી આવી જ નહિ!

આતુરને થયું - 'ખોટા ઘૂંટડા ભરાઈ ગયા! મેં જેને ઘૂંટડે ઘૂંટડે પીધી એ કોઈ જુદી જ છે, હું જેને માટે અહીં આવ્યો છું, એ જ હોય તો આમ ચૂપચાપ ચાલી ન જાય; અને જાય તો ખાલી ગ્લાસ અંદર મૂકીને તરત પાછી ફરે, કોઈ પણ બહાનું કરીને અહીં મારી સામે જ બેસે - નજર મેળવે. ધીમે ધીમે એમાંથી વાચા સ્ફુરે! પણ આ તો ચૂપચાપ ચાલી ગઈ!'

'કોણ હશે એ? હું જેને જોવા આવ્યો છું એની નાની બહેન પણ હોઈ શકે. ગમે તે હોય, પણ આપણને તો ગમી ગઈ.' - આતુરના મનમાં એક ઝબકારો થયો - કશો ક્ષોભ રાખ્યા વગર કહી દેવું જોઈએ, પસંદગીનું કામ પૂરું થઈ ગયું. હવે બીજીને જોવાની ઇચ્છા નથી. આપણને તો નાની જ જોઈએ. એ માટે મોટીનું થાય ત્યાં સુધી રાહ જોવાનું થશે તો જોઈશું. ઉતાવળેય શી છે?

આતુર અહીં છોકરી જોવા માટે આવ્યો હતો. એની કૉલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ એને અહીં લઈ આવ્યા હતા.

આતુર જગતમાં એકલો હતો. એનું પોતાનું કહી શકાય એવું કોઈ નહોતું. દૂરનાં સગાં હતાં, પણ એ બધાંને આતુરની કશી પડી નહોતી. જોકે આતુરને પણ સગાંઓની કશી પડી નહોતી.

આતુરની આ પરિસ્થિતિ વિશે પ્રિન્સિપાલને જાણ હતી. એની રહેણીકરણીથી પણ તેઓ વાકેફ હતા. વળી ભૂમિકાનાય મોસાળપક્ષે તેઓ સગા થતા હતા.

એ રીતે ભૂમિકા એમની ભાણી થતી હતી. અને આતુર સાથે ભાણીનો વિવાહ કરવાનું વિચારીને આતુરને વાત કરી હતી. આતુરે ના તો ના પાડી, પણ છોકરી જોયા પછી પોતાનો નિર્ણય જણાવવાની શરત મૂકી. પ્રિન્સિપાલ એ માટે સંમત થયા અને આતુર અને ભૂમિકા વચ્ચે વિધિસરની મુલાકાતની ગોઠવણ કરીને તેઓ આતુરને લઈને મુંબઈ પહોંચી ગયા હતા.

કૉલેજના યૌવનસભર વાતાવરણને વરસો સુધી નિહાળીને રીઢી થઈ ગયેલી પ્રિન્સિપાલની નજરમાં વસી ગયેલા આતુરમાં કશું પારખવાનું રહેતું નહોતું.

ભૂમિકાના પિતા જયંતીભાઈએ પણ આતુરને જોયાજાણ્યા વગર જ પ્રિન્સિપાલની વાત સ્વીકારી લીધી હતી. એમને એમ હતું કે પ્રિન્સિપાલની નજર હેઠળ જ કેળવાયેલા આતુર વિશે વધુ જાણવાની જરૂર જ ક્યાં રહે છે? ભૂમિકાની માને તો પ્રિન્સિપાલ એમના સગા થતા હોઈને કશું ખોટું નહિ જ કરે એવો સંતોષ પહેલેથી જ હતો. તે છતાં ભૂમિકા અને આતુર વચ્ચે એકાદ ઔપચારિક મુલાકાત ગોઠવવાનું આતુર તરફથી અનિવાર્ય બન્યું હતું, ને એ માટેની ગોઠવણ પ્રિન્સિપાલે બંને પક્ષે રહીને કરી હતી.

ભૂમિકાનાં માતાપિતાએ જેટલા ઉમળકાથી એમનું સ્વાગત કર્યું હતું એટલી જ ત્વરાથી ભૂમિકા આતુરના હૃદયમાં ઊતરી ગઈ હતી.

પરંતુ અત્યારે આતુરના મનમાં નાની-મોટી બે આકૃતિઓ અટવાતી હતી. તે નાની-મોટીના ચક્કરમાં એ પોતે પણ અટવાઈ પડ્યો હતો. ભૂમિકા એક વાર પાણી આપીને ચાલી ગઈ એ પછી હજી સુધી આતુરને જોવા મળી નહોતી.

ભૂમિકાનાં માતાપિતા અને પ્રિન્સિપાલ વચ્ચે જ આતુર બેઠો હતો, પરંતુ એ લોકોની વાતોમાં એનું ધ્યાન નહોતું.

પ્રિન્સિપાલ જયંતીભાઈ અને વિદ્યાબહેનને એટલે કે એમના બહેન–બનેવીને આતુર વિશે સમજાવી રહ્યા હતા. સમજાવવા જેવું તો અગાઉથી સમજાવી જ દીધેલું હતું તેમ છતાં અત્યારે આતુરની હાજરીમાં કહેવાય તો આતુરને પણ થાય કે પ્રિન્સિપાલને મારા પ્રત્યે ખરેખર લાગણી છે - એ ગણતરીએ એ કહેવા લાગ્યા;

'જયંતીભાઈ! આમ તો હું તમારો સગો થાઉં, પણ આતુર પ્રત્યેય મારા મનમાં હું એવી જ લાગણી ધરાવું છું. ખાસ તો એટલા માટે જ આગળ પડીને આતુરને અહીં લઈ આવ્યો છું.'

'આવી બધી બાબતોમાં એમ જ ચાલે!' જયંતીભાઈએ પણ ઔપચારિક સંવાદ શરૂ કરતાં પ્રિન્સિપાલને કહ્યું - 'આવા સંબંધો માટે ક્યારેય સીધો સંપર્ક કેળવાતો

નથી. વચ્ચેના માણસો દ્વારા જ આવી ગોઠવણ થતી હોય છે.'

'તમારી વાત સાચી છે, પરંતુ આ જમાનામાં કોઈની ભાંજગડમાં પડવામાં મજા નથી. પણ આ તો બંને પક્ષે હું સારી રીતે પરિચિત છું એટલે જ વચ્ચે પડ્યો છું.'

વિદ્યાબહેનનું ધ્યાન વાતમાં તો પૂરેપૂરું હતું, તો પણ એમની નજર અવારનવાર આતુરના ચહેરા પર આંટો મારી આવતી હતી. આતુર પણ અડધુંપડધું સાંભળતો - આમતેમ જોતો અને વળી પાછો નાની-મોટીના વિચારોમાં ખોવાઈ જતો.

આતુરના ચહેરા પર દૃષ્ટિપાત કરતાં કશુંક યાદ આવી ગયું હોય એ રીતે પ્રિન્સિપાલ બોલ્યાઃ

'આમ તો આતુર પણ મારા માટે પારકો નથી. છતાં એનેય જે કંઈ જાણવું હોય તે રૂબરૂમાં જાણી લે - એને એમ તો ન થાય કે મને અંધારામાં રાખ્યો.'

અંધારામાં રાખ્યાની વાતે વિદ્યાબહેનના મગજમાં ટ્યૂબ સળગી. પ્રિન્સિપાલ આતુરને જે માટે અહીં સુધી લઈ આવ્યા છે, એ કામ તો હજી બાકી જ રહ્યું છે - એમણે ધીમેથી જયંતીભાઈને અણસારો કર્યો. પછી ચાનું બહાનું કરીને અંદરના ખંડમાં ચાલ્યાં ગયાં. એ પછી તરત જ જયંતીભાઈ પણ ઊભા થયા અને પ્રિન્સિપાલની સામે જોતાં - 'જરા આવોને!' કહેતાંકને એમણે ચાલવા માંડ્યું.

પ્રિન્સિપાલને થયું કે આતુર વિશે જયંતીભાઈને કશું ખાનગીમાં પૂછવું હશે, એ ઊભા થયા અને જયંતીભાઈની પાછળ પાછળ બીજા ખંડમાં સરી ગયા.

આતુર એકલો પડી ગયો - એના મનમાં ગડમથલ ચાલતી હતી - નાની ગમી ગઈ હતી. હવે મોટીની વાત આવે તો કેવી રીતે ટાળવી અને પોતાની પ્રથમ પસંદગીને જ કેવી રીતે વળગી રહેવું એવા વિચારો એના મનમાં ઘૂંટાતા હતા.

ભૂમિકા આવી – લજ્જાળુ, ભીનું ભીનું સ્મિત એના હોઠ પર રમતું હતું. એના આગમનથી આતુરની એકલતા સંતાઈ ગઈ.

ચાની ટ્રે ટિપાઈ પર મૂકીને ભૂમિકા સામેની ખુરશી પર બેસી ગઈ. આતુરને એ ગમ્યું. બંનેની નજર મળી - બંનેના હોઠ પર ગુલાબી સ્મિત ઊપસી આવ્યું - ફરી નજર મળી - ફરી હોઠે સ્મિત આવ્યું. બે-ચાર વાર આમ પુનરાવર્તન જ થયા કર્યું! સ્મિત સિવાય બંનેના હોઠ બીજું કશું આપી શકવાના નથી એવું લાગવા માંડ્યું! આમ તો બંનેના બિડાયેલા હોઠ વચ્ચે ઘણાબધા શબ્દો આવીને ગોઠવાઈ ગયા હતા. સ્મિતના પડ પાછળ સંતાયેલો ક્ષોભ આડે ન આવતો હોત તો અત્યાર સુધીમાં કેટલાય શબ્દો બહાર ટપકી પડ્યા હોત.

ભૂમિકાના આગમનથી આતુરની એકલતા ભાંગી હતી, પરંતુ નીરવતા હજીયે અડીખમ ઊભી હતી! બંને વચ્ચે માત્ર સ્મિતની જ આપલે થઈ હતી - એકલું સ્મિત! ખખડતું હાસ્ય હોય તો પણ ખંડની નીરવતા ખખડાવી શકે.

'ચા ઠંડી થઈ જશે!'

સ્થિર જળમાં કાંકરો પડે તેમ નીરવ વાતાવરણમાં ભૂમિકાના શબ્દોએ પડઘાનાં વર્તુળો દોર્યાં.

'હેં...! ઓહ... અચ્છા, ચા!' અને પાછું પેલું સ્મિત! એથી આગળ વધીને કોઈ વિશેષ ક્રિયા થઈ હોય તો તે એ કે આતુરે ટિપાઈ પરથી ચાનો કપ યંત્રવત્ ઉઠાવી લીધો હતો. એ સિવાય મૌન - સ્થૂળ મૌન!

આતુરને તો બોલવું હતું, પણ હજી એના મનમાં નાની-મોટીનો પ્રશ્ન ચૂંથાતો હતો. એ જેના માટે આવ્યો છે એ જ જો અત્યારે સામે હોત તો મનમાં ગોખી રાખેલી જ વાત શરૂ કરવાની હતી, પણ આ તો એની નાની બહેન છે. એની સાથે શું વાત કરવી? મોટીને જોઈ નથી. એ પહેલાં નાનીને મનોમન પસંદ કરી લીધી છે! હવે મોટી સાથે મુલાકાત કરવાનો કે વાત કરવાનો કશો અર્થ નથી. તો પછી નાની સાથે જ વાત કર ને? એ સામે જ બેઠી છે, વાત કેમ નથી કરતો?' આતુર મનોમન વિચાર્યું અને તરત જ વાત શરૂ કરી.

'તમે કઈ સ્કૂલમાં ભણો છો?'

આતુરનો પ્રશ્ન સાંભળીને ભૂમિકાના હોઠે રમતા સ્મિતે માઝા મૂકી - એ ખડખડાટ હસી પડી!

'કેમ હસો છો?' આતુરે વિસ્મયતાથી ભૂમિકા સામે જોતાં પૂછ્યું. ભૂમિકાએ એને ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો,

'તમે એસ.એસ.સી.ની પરીક્ષા આપી કે હવે આપવાના છો?'

આતુર ચોંક્યો. એણે મનોમન વિચાર્યું - 'એલએલ.બી. કરી નાખ્યું ને આ મને એસ.એસ.સી.નું પૂછે છે?' એણે ભૂમિકા સામે ધારદાર દૃષ્ટિપાત કરતાં પૂછ્યું,

'તમને હું દસમા ધોરણમાં ભણતો લાગું છું?'

'તો શું હું તમને સ્કૂલે જતી લાગું છું?'

વિસ્મયતાથી આતુરની આંખ પહોળી થઈ ગઈ. એણે ભૂમિકાને પૂછ્યું:

'તમારી ઉંમર કેટલી?'

'ઉંમર ના કહું ને બી.એ. પાસ છું એમ કહું તો નહિ ચાલે?'

આતુર એની વાચાળતા પર ફિદા થઈ ગયો. ભૂમિકાએ આગળ કહ્યું:

'પહેલેથી બધું જાણી લીધા પછી જ અહીં આવ્યા છો, પછી જાણીને આવા પ્રશ્નો પાછળ સમય બગાડવાનો શો અર્થ?'

પ્રથમ મિલનનો આ મહામૂલો સમય વ્યર્થ જતો હોવાની ભૂમિકાએ હસતાં હસતાં જ ટકોર કરી.

આતુરનેય એનો ખ્યાલ હતો, પણ એ પોતે ગૂંચવણ અનુભવતો હતો. એણે ચોખવટ કરી,

'તમારા વિશે તો હું કશું જ જાણતો નથી!'

'પ્રિન્સિપાલમામાએ તમને મારા વિશે કશું જ કહ્યું નથી?'

'ના. તમારા વિશે તો વાત પણ થઈ નથી. તમારી મોટી બહેન વિશે કહ્યું છે!'

ભૂમિકા ચોંકી.

'કોણ મોટી બહેન?'

ભૂમિકા એની બાને મોટી બેન કહેતી હતી.

'તમારી મોટી બહેન... ભૂમિકા!'

ભૂમિકાનું હાસ્ય આખાય ખંડમાં પથરાઈ ગયું. એણે હસતાં હસતાં કહ્યું,

'તો હું કોણ છું?'

'તમારું નામ નથી જાણતો... અલબત્ત, તમે મને ગમી ગયાં છો. તમને જોયા પછી હવે તમારી મોટી બહેનને જોવામાં મને રસ નથી!'

ભૂમિકા ફરી હસી.

'બધું જ જાણો છો, છતાં મને બનાવો છો.'

ભૂમિકાને એમ હતું કે આતુર જાણીજોઈને મને બનાવે છે. અને આતુરને એમ કે આણે અત્યારથી નાની સાળીના નાતે ટીખળ કરવાનું શરૂ કરી દીધું છે.

અંદરના ખંડમાંથી વિદ્યાબહેનનો અવાજ સંભળાયો.

'ભૂમિકા...!'

ભૂમિકાએ એ તરફ જોયું. તો ખુદ વિદ્યાબહેન જ ડ્રૉઇંગરૂમમાં આવ્યાં.

'ભૂમિકા, તારા બાપુજીની ડાયરી જડતી નથી. તેં ક્યાંક જોઈ છે?'

'કાલે મેં જોઈ હતી... પેલી ફાઈલો મૂકે છે એ કબાટમાં તો હતી.'